# વાર્તામેળો

# 3

**સંપાદક :** દર્શા કિકાણી

● પ્રકાશક ●
**વિચારવલોણું પરિવાર**
અમદાવાદ

# સુપર વુમન

(કાવ્યા કે. સેજપાલ,
ધો. -૭બી, શ્રેયાસ ફાઉન્ડેશન)

એક દિવસ હું મારી સહેલીઓ જોડે એક મોટા જંગલમાં ફરવા ગઈ હતી. હું ત્યાં છ દિવસ માટે ગઈ હતી. અમે ત્યાં જાતજાતના પ્રાણીઓ, ભાતભાતના જીવજંતુઓ અને ઝાડ જોયા હતા. અમારી જોડે એક સલાહકાર પણ હતો. અમે એક વિશાળ ઝાડ જોયું હતું. સલાહકારે કહ્યું કે, 'આ ઝાડ ૪૦૦ વર્ષ જૂનું છે. તે પછી અમે લોકો જમ્યા. અમે અમારા તંબુ માટે ખાલી જગ્યા શોધી. પછી અમે તે ખાલી જગ્યામાં તંબૂ બાંધ્યો. અમે છ સહેલીઓ હતી, તેથી અમે ત્રણ તંબૂ બાંધ્યા, બે-બે નો સમાવેશ થાય એવા. તે વખતે શિયાળો ચાલતો હતો તેથી અમને બધી સહેલીઓને ઠંડી લાગતી હોવાથી અમે બધાએ મળીને જંગલમાંથી લાકડા વીણીને ભેગા કર્યા અને પછી તાપણું કર્યું. તાપણું કરતાકરતા અમે બધાએ અંતાક્ષરી રમીને ખૂબ જ મજા કરી. એમ કરતાં કરતાં એક વાગી ગયો. વહેલા જમ્યા હોવાથી અમને બધાને ભૂખ લાગી હતી.

અમે બધાએ ભેગા મળીને નાસ્તો કર્યો. પછી, પોતપોતાના તંબુમાં જઈને સૂઈ ગયા. પછી મને ક્યારે ઊંઘ આવી ગઈ તેની મને ખબર જ ન રહી. ઊંઘમાં મને એક સપનું આવ્યું હતું. તે સપનામાં હું એકલી જંગલમાં બહાર ફરવા ગઈ હતી. ચાલતા-ચાલતા હું બહુ આગળ નીકળી ગયી હતી. હું જતી હતી, ત્યાં મને એક વાઘ દેખાયો. એણે મને જોઈને મોટી ત્રાડ નાંખી. એની ગર્જનાથી હું ખૂબ જ ડરી ગઈ હતી. ડરીને હું દોડવા લાગી. વાઘ થોડો દૂર હતો. એના આવતા-આવતા હું ઝાડ ઉપર ચઢી ગઈ. મને ઝાડ ઉપર ચઢવાનો ખૂબ જ ડર લાગતો હતો, હું ઝાડ ઉપર કોઈ દિવસ નહોતી ચઢી, પરંતુ વાઘના ડરથી કૂદકો મારતી ઝાડ ઉપર ચઢી ગઈ. વાઘ ઝાડ પાસે આવી ગયો. પછી, વાઘ મારી સામે તીરછી નજરે જોવા લાગ્યો. એટલે મને ખૂબ જ ડર લાગવા લાગ્યો. પછી હું રડવા લાગી. થોડીવાર રડીને હું શાંત ચિત્તે વિચારવા લાગી. હું શું કરું? આનો કંઈક ઉપાય વિચારવો પડશે. વિચારતા-વિચારતા મારી નજર એક હરણ પર પડી. હરણ અમારી બાજુ દોડતું આવતું હતું. પરંતુ તેને ખબર નહોતી કે ઝાડ નીચે વાઘ ઊભો છે.

વાઘને પણ નહોતી ખબર કે હરણ આ બાજુ દોડતું આવે છે, પરંતુ તેના દોડવાના અવાજથી વાઘ જાણી ગયો કે કોઈ પ્રાણી દોડતું આવે છે. વાઘે દોડવાના અવાજની દિશામાં નજર ફેરવી તો તેને જોયું કે હરણ દોડતું આવતું હતું. વાઘે હરણને જોઈને ત્રાડ નાંખી. હરણ વાઘને જોઈ ગયું. હરણ ડરીને દોડવા માંડ્યું. પણ એ દૂર જાય એના પહેલા વાઘે છલાંગ મારીને હરણને પકડી લીધું. વાઘે હરણને પંજાથી મારી કાઢ્યું. પછી, વાઘ હરણને ખાઈ ગયો. હરણનું મૃત્યુ જોઈને મેં ખૂબ જ દુઃખ અનુભવ્યું.

વાઘ ફરી પાછો ઝાડ નીચે આવીને ઊભો રહી ગયો. હું વિચારવા લાગી કે આ વાઘ તો ખસતો જ નથી. હું કેવી રીતે નીચે ઉતરીશ અને તંબુ સુધી પહોંચીશ? એમ વિચારતા-વિચારતા મારી નજર દૂરથી આવતા શિકારી પર પડી. શિકારી આવતો હતો ત્યાં એની નજર એકદમથી જ વાઘ ઉપર પડી. વાઘની નજર શિકારી પર પડી. વાઘ શિકારી તરફ દોડવા લાગ્યો. વાઘ આવે એની પહેલા શિકારીએ સમયસૂચકતા વાપરી અને વાઘ પર તીર છોડ્યું. તીર વાઘના પગ પર વાગ્યું. વાઘને થોડું લોહી નીકળ્યું, છતાં વાઘે સામે આવવાનું ચાલુ રાખ્યું. અને વાઘ આવી પહોંચે એના પહેલા શિકારીએ રિવોલ્વર કાઢીને વાઘને ગોળી મારી. વાઘને ગોળી છાતીના ભાગમાં વાગી. વાઘ જમીન પર એકદમથી જ પડી ગયો. વાઘ થોડીવાર તરફડ્યો અને પછી વાઘ મરી ગયો. પછી શિકારીએ મને કહ્યું, ‘‘બેટા, નીચે ઊતર, હું તને તારી જગ્યાએ મૂકવા આવું.’’

મેં કહ્યું, ‘‘મને ઊતરતા નથી આવડતું.’’

શિકારીએ કહ્યું, ‘‘હું ઉતારું, પગ નીચે કર.’’

પછી, શિકારીએ મને પકડીને નીચે ઉતારી. પછી મને મારા તંબૂ સુધી મૂકી ગયા. પછી મારી આંખ ખુલી ગઈ.

જ્યારે મેં મારી આંખ ખોલી ત્યારે મને અવાજ સંભળાયો, ‘‘મદદ કરો! મદદ કરો! મદદ કરો!’’ પછી, મેં તંબૂમાં બેટરી શોધી અને બેટરી લઈને તંબૂની બહાર ગઈ. હું એ દિશા બાજુ જતી હતી જ્યાંથી તે અવાજ આવતો હતો. મારા ધબકારા વધવા માંડ્યા હતા, રૂંવાડાં ઊભા થઈ ગયાં હતાં અને ડર લાગવા લાગ્યો. પછી મેં ચારેબાજુ નજર કરી તો મેં એક જાદુગરનીને જોઈ. તે નેટથી બંધાયેલી હતી. હું ખૂબ જ ડરી ગઈ હતી. જાદુગરનીએ મને કહ્યું, ‘મહેરબાની કરીને મારી મદદ કરો. હું મુશ્કેલીમાં છું.’ મેં પૂછ્યું, ‘હું તમને કેવી રીતે મદદ કરી શકું? તમે તો જાદુગરની છો. તમે તો કંઈ પણ કરી શકો છો.’ એમણે મને કહ્યું, ‘મારી એક સહેલી છે જે જાદુગરની છે’, એણે મને કહ્યું છે કે, ‘કોઈ માણસ આવશે અને પેલા ચપ્પાથી આ નેટ ફાડશે ત્યારે જ હું બહાર નીકળી શકીશ.’ મેં એમને પૂછ્યું, ‘તમને કેમ આમાં કેદ કરાયા છે?’ તેમણે કહ્યું, ‘હું એનાથી વધારે શક્તિશાળી છું એટલે એને મારાથી ઈર્ષ્યા થાય છે, એટલે એણે મને નેટમાં કેદ કરી દીધી છે.’ મેં નેટ કાપીને તેમને બહાર કાઢ્યા. પછી તે મારાથી બહુ જ ખુશ થઈ ગયા. એમણે મારો આભાર માન્યો અને પૂછ્યું, ‘તને શું જોઈએ છે? તને જોઈતું હોય એ હું તને આપીશ.’ થોડીવાર વિચારીને મેં કહ્યું, ‘મારે સુપરવુમન બનવું છે.’ એ માની ગયા. તેમણે એક જાદુઈ મેટ આપી, જેનાથી મારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય. એક જાદુઈ ટોપી પણ આપી હતી, જેનાથી એવી ખબર પડે કે કઈ વ્યક્તિ મુશ્કેલીમાં છે. તેમણે મને જાદુઈ શક્તિઓ પણ આપી હતી, એ જાદુઈ મેટથી મેં આશ્રમમાં રહેતા ઉંમરલાયક લોકો માટે ગરમ-ગરમ ખીચડી હાજર કરી. પછી, એ જાદુઈ મેટ લઈ નાના બાળકના અનાથ આશ્રમમાં ઘણાં બધાં રમકડાં લઈને ગઈ. એ જોઈ બાળકો બહુ ખુશ થઈ ગયા.

રસ્તા ઉપર ઠંડીમાં ઠુઠવાતા માણસો માટે મારા જાદુથી બ્લેંકેટ લઈ આપ્યા. જાદુઈ મેટ લઈને હું અંધજન મંડળમાં પણ ગઈ હતી. ત્યાં મેં જે લોકો આ દુનિયા જોઈ નહોતા શકતા એ લોકોને મેં જાદુથી આંખોમાં રોશની આપી. આ જાદુઈ શક્તિઓ ૫ દિવસે માટે હતી. આ બધુ જાદુગરની જોતા હતા, તે મારા ઉપર વધારે ખુશ થયા. તેમણે મને ખુશ થઈને એક સુંદર ડ્રેસ અને મોરપીંછ આપ્યું. એ મોરપીંછ કોઈ પણ વસ્તુને અડકાડું તો એ વસ્તુ સોનાની થઈ જતી હતી. હું જેમની મદદ કરતી હતી એ લોકો બહુ ખુશ થઈ જતા હતા. એમની ખુશી જોઈને મારી આંખમાં હરખના આંસુ આવી જતા. આ પાંચ દિવસ મને ખૂબ જ મજા આવી. આ યાદગાર દિવસોને હું કોઈ દિવસ નહીં ભૂલી શકું.